જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૬/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૩૪	૪	૧૧૫૩૮	૧૭૬૫૧	૪	૧૭૬૫૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૦	૯૨	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૭૨૪૩	૨૮૬	૫૭૫૨૯	૫૭૮૨૭	૩૦૦	૫૮૧૨૭
કુલ		૭૩૫૭૭	૨૯૦	૭૩૮૬૭	૮૨૦૫૩	૩૦૪	૮૨૩૫૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૧	૩,૦૨,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૫૪	૧૯,૫૪,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ચોરીની ઓટોરિક્ષા સાથે સાથે એક આરોપીને પકડી ખોખરા પોલીસ સ્ટેશન ખાતેનો વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા અ.હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહીમમીયા બ.નં.૪૦૦૫ તથા અ.પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૮૪ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા અ.પો.કો.જીતેન્દ્રસિહ લાખુભા બ.નં.૬૭૯૨ તથા અ.લો.૨.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહીમમીયા તથા અ.લો.૨.પ્રહલાદસિંહ શિવસંગભાઈ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે“એક ઈસમ કે જેણે શરીરે સફેદ કલરનુ લાલ લીલ કલરની ડીઝાઈનવાળુ ટી શર્ટ તથા કાળા કલરનુ લોઅર પહેરેલ છે તે ઈસમ એક ઓટો રિક્ષા નં GJ-27-Y-8947 ની ચલાવી લાવી અસલાલી તરફથી ચલાવી લાવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે જે ઓટોરિક્ષા તેણે કોઈ જગ્યાએથી ચોરી કરી કે છળકપટથી મેળવેલ છે” જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપી વિજય ઉર્ફે ચિન્નો નટુભાઈ જકસીભાઈ જાતે વઢીયાર ઉ.વ.૨૧ ધંધો-છુટક મજુરી રહે-હરીપુરાના કાચા છાપરા સેવન ડે સ્કુલ પાસે ખોખરા અમદાવાદ શહેરનાનો બાતમી હકિકતમાં જણાવેલ ઓટોરિક્ષા જેનો આર.ટી.ઓ.નં GJ-27-Y-8947 નો જેનો એન્જીન નં.24YWKL52857 તથા ચેસીસ નં.MD2A24AY5KWL25540 નો છે જેની કિં.રૂ.૭૦,૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાં સદર ઓટોરિક્ષાની ચોરી બાબતે ખોખરા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૧૧૧૨૦/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૬૬ કિ.રૂ.૨૭૬૦૦/-તથા એકટીવા તેમજ મોબાઈલફોન મળી કુલ્લે કિ.રૂ.૮૩,૬૦૦/- ની મત્તાના વિદેશીદારૂના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " ડીવીજન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા અવારનવાર સુચનાઓ આપેલ હોય તેમજ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે આધારે ઈ.પોલીસ ઈન્સપેકટરશ્રી એમ.એમ.લાલીવાલા સાહેબ નાઓએ નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રોહી બુટલેગર તથા ચોરીછુપીથી પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર અવાર નવાર વોચ રાખી રેઈડ કરી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના માણસોને સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા અ૰પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા અ.લો.૨.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા અ.લો.૨.વિપુલ લાભુભાઈ બ.નં.૧૧૬૭૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો.વિજયસિંહ લાખુભા નાઓને બાતમી હકિકત મળેલ કે " એક એકટીવા 6G નં GJ-27-DN-0172 નો ચાલક પોતાના કબ્જામાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો રાખી કર્ણાવતી-૪ તરફથી આવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે" જે આધારે પંચો રૂબરૂ વોચમા રહી રેઈડ કરતા અમન સુખપાલભાઈ જાતે યાદવ ઉ.વ.૨૩ ધંધો-નોકરી રહે-મ.નં.ડી/૫૦૧ મંગલમુર્તી એપાર્ટેમેન્ટ ભારતમાતા ચોક પાસે નારોલ અમદાવાદ શહેરનો મળી આવતા રેઈડ દરમ્યાન વિદેશીદારૂનો જથ્થો પોતાના ઘરે મુકી રાખેલાની કબુલાત કરતા પંચો રૂબરૂ આરોપીની એકટીવા તથા કબ્જાના મકાનમાં રેડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મીલીની સિલબંધ બોટલ નંગ ૬૬ કિ.રૂ.૨૭,૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૬૦૦૦/- તથા એકટીવા 6G કિ.રૂ ૫૦૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૮૩,૬૦૦/- ની મત્તાનો વિદેશીદારૂનો જથ્થો મળી આવતાં આરોપી તથા તપાસમાં મળી આવે તે તમામ આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટે-સી ગુ.૨.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૯૭૪/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૬૬(બી), ૧૧૬(બી), ૯૮(૨), મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.
તા.૧૮/૦૬/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૬૧૭ લીટર દેશી દારૂ, ૩૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ કાર, ૨ રિક્ષા, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ ભવદીપકુમાર જગદીશગીરી ગૌસ્વામી (ઉ.વ.૩૫) (રહે. સીલ્વર પરીક્રમાં બંગ્લોઝ વૃંદાવન પાર્ટી પ્લોટ સામે સોલા ભાગવત પાછળ) એ તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ભવદીપકુમાર ગૌસ્વામીને મેઈલ કરી તથા ફોન પર વાત કરનાર આરોપી ઇમેલ આઇડી pm.specialisthealthcarepharma@gmail.com મોબાઈલ નંબર +૪૪૭૪૩૮૩૨૯૯૭૮ ના ધારકે ડો.ડેવીડ ટેમ નામની ઓળખ આપી તથા ઇમેલ આઇડી manojkumar.herbs@gmail.com મોબાઈલ નંબર ૮૬૫૭૮૭૫૨૬૪ ધારકે મનોજકુમાર નામની તથા મોબાઈલ નંબર ૯૯૫૮૬૨૫૭૫૪ ના ધારકે રોલીન બોવેન નામ જણાવી અશ્વગંધાના બીજનુ સપ્લાય કરવાથી મોટો ફાયદો થશે તેવી લોભામણી વાતો કરી ભવદીપકુમારનો વિશ્વાસ તથા ભરોષો કેળવી ginseng wildly stratified (અશ્વગંધાના બીજ) ના સેમ્પલો પેટેના જુદાજુદા ખાતામાં અલગ-અલગ તારીખે કુલ રૂપિયા ૪૬,૮૧,૦૦૦/- ભરાવડાવી સેમ્પલ નહી મોકલી તેમજ ભરેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ગોમતીપુરઃ (૧) અનીલ હજારીલાલ મીણા (ઉ.વ.૩૫) (રહે. ભીખાભાઇની ચાલી પટેલ મીલ સામે રખિયાલ રોડ ગોમતીપુર) એ તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૪/૦૪/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૩૩૭૯૨૨૦૩૬ ના ધારકે આર.બી.એલ.બેંકમાંથી "પ્રીયા શર્મા" નામ જણાવી ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાની અને પ્રોસેસ કરવાની વાત કરી અનીલ મીણાના મોબાઈલ ફોનમાં આવેલ ઓ.ટી.પી.નંબર મેળવી અલગ-અલગ કુલ રૂપિયા ૧,૮૩,૩૯૭/- ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

ગોમતીપુરઃ (૨) મુસ્તાકઅહેમદ અબ્દુલગની શેખ (ઉ.વ.૬૨) (રહે. ગવલી મહોલ્લા કેમ્પ સદર બજાર જામા મસ્જીદ પાસે કેન્ટોમેન્ટ શાહીબાગ) એ તા.૧૮/૦૬/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મુસ્તાકઅહેમદ શેખને સને ૨૦૧૮ સાલમાં સાઉદી અરબ ખાતે ઉમરાહ કરવા સારૂ જવાનુ હોય તા.૧૨/૦૩/૨૦૧૮ ગોમતીપુર રજપુર ટોલનાક પાસે આવેલ અલ શફા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ખાતે આરોપી (૧) સલીમભાઇ મણીયાર અને (૨) રહીશ મણીયાર નાઓનો સંપર્ક કરતા તેઓએ વિઝા લાવી આપવાનો વિશ્વાસ અપાવી સને-૨૦૧૮ સાલથી અલગ-અલગ સમયે રૂપિયા ૩,૬૦,૦૦૦/- મેળવી લઈ આજદીન સુધી વિઝા નહી અપાવી તેમજ આપેલ પૈસામાંથી રૂપિયા ૧,૮૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૯૫/૨૦૨૧**

ઓઢવઃ અજીતસિહ કુલસિહ વાઘેલા (ઉ.વ.૬૦) (રહે. ગિરિરાજ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૦૬/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.રોહીત ચલાવે છે.

ગોડાઉનમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૧**

દાણીલીમડાઃ તા.૧૮/૦૬/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા સિકંદર માર્કેટ ખાતે આવેલ કાજલવાલા ગોડાઉન સામે કેમિકલ ગોડાઉન ખાતે (૧) કુજેલ એમદાની (મેમણ) (ઉ.વ.૨૯) (રહે. પટેલ વાસ રાજમીન ડુપ્લેક્ષ પાછળ દાણીલીમડા) અને (૨) મોહમદઇસ્માઇલ ઉર્ફે રાજુ સ/ઓ મોહમદયાસીન શેખ (ઉ.વ.૩૮) (રહે. એ-વનનગર દાણીલીમડા) બન્ને બંધ ગોડાઉનમાં મરણ હાલતમાં મળી આવ્યા હતા. ગોડાઉનમાં કામ કરતા બન્ને કેમિકલની વાસ ના કારણે ગુંગળામણ થવાથી મરણ ગયેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૯૭/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ નિશાંત વિજયકુમાર શેખ (ઉ.વ.૨૪) (રહે. વિઠ્ઠલ ઉધોગનગર જનતા ચોકડી પાસે વલ્લભ વિધ્યાનગર તા.જી.આણંદ) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૬/૨૧ સાજના ૫/૪૦ વાગ્યા પહેલા એન.આઈ.ડી. પાછળ જમાલપુરબ્રિજ નીચે રિવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

માધવપુરાઃ ભાવનાબહેન હર્ષદભાઈ રાવત (ઉ.વ.૩૦) (રહે. જયુબીલી મિલ સામે માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઓઢવઃ દીપકભાઇ મણીલાલ મકવાણા (ઉ.વ.૩૨) (રહે. ઇન્દીરાનગર ઘરવિહોણા જનતાનગર સામે ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૬/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી